Sarth E- Journal

Saarth E-Journal

**Saarth** E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X | Impact Factor
Peer Reviewed | Quarterly
Vol.8 No.35 | Jan-Feb-Mar 2023

# ભણેલો આદિવાસી સમાજ પોતાની સંસ્કૃતિથી વિમુખ

ડૉ. મનહરભાઈ એસ. ચરપોટ

**સારાંશ:**

આદિવાસી સમુદાય જળ, જમીન અને જંગલ જેવી સામુદાયિક સંપત્તિનાં સાધનો પર નિર્ભર હોય છે. આદિવાસી સમાજ નિરક્ષરતા, ગરીબી અને બેરોજગારી ગ્રસ્ત તો છે જ; અને જમીન સંપાદન બાદ વધારે વંચિત અને ગરીબ બને છે. જ્યાં સુધી સ્વમાનભેર પુનર્વસન કરવામાં નહિ આવે ત્યાં સુધી આદિવાસી ફક્ત આર્થિક રીતે જ નહિ પણ સાંસ્કૃતિક રીતે પણ પછાત રહી જશે. આદિવાસી જ્ઞાન-વિજ્ઞાન ભૂલી અન્ય સ્થળે નવી સંસ્કૃતિ અપનાવે છે પોતાની જ્ઞાન-મીમાંસા પ્રગટ કરવામાં પાછળ રહી જાય છે. નવા સ્થળે ધીમે ધીમે પોતાના સંસ્કૃતિ નાશ પામતી જાય છે. પુનર્વસનના નામે અન્ય સામાજિક માળખામાં દબાણપૂર્વકની વસાહત (Forced resettlement on social structure) બનાવવામાં આવે છે. આ આદિવાસીઓના પુનઃ સ્થાપન માટે સરકારી વસાહતો કેટલી યોગ્ય છે? કારણ કે આદિવાસીઓ સ્થાવર અને જંગમ મિલકતની સાથે-સાથે મૂલ્યવાન સંસ્કૃતિ પણ દૂર થઈ જાય છે. નવી જગ્યાએ આદિવાસી સામે નવા સામાજિક પ્રશ્નો ઉદ્દભવે છે. જેની અસર મહિલાઓ પર વધારે અસર પડે છે. પરંપરાગત રૂઢિઓને બદલે અન્ય વ્યવસ્થાનું સમાજીકરણ કરવું પડે છે. ધીમે ધીમે આદિવાસી મહિલાઓમાં પણ મૂલ્યો અને સંસ્કૃતિ લુપ્ત થતી જાય છે. સ્થાનિક લોકો વિરુદ્ધનું વિસ્થાપન એ માનવ અધિકારનું હનન છે અને આદિવાસીઓને સામાજિક અન્યાય કરવામાં આવે છે.

**મુખ્ય શબ્દ:** આદિવાસી, સંસ્કૃતિ, સમાજ, શિક્ષણ, વિસ્થાપન, વિમુખતા.

**પ્રસ્તાવના:**

ભારતની વસ્તી ગણતરીના રીપોર્ટના આધારે જાણવા મળે છે કે ગુજરાતમાં આદિવાસી સમુહોમા સૌથી વધારે વસ્તી ભીલ સમાજની છે. તેમની બોલી ભીલી બોલી તરીકે ઓળખાય છે. આ સમાજમાં રાવળભીલ, ઢોલીભીલ, મોહનીયા, વહુમીયા, તડવી, રાઠવા, સંગાડા જેવે પેટાજાતિઓ છે. ભીલ સમાજ પોતાના ચોક્કસ પ્રકારના દેવોની જ પૂજા કરે છે. તેમના દેવો માટે કરવામાં આવતી પૂજાવિધિઓ રસપ્રદ હોય છે. આ સમાજનો

મુખ્ય વ્યવસાય ખેતી તથા પશુપાલનનો છે. સમાજના ઘણા લોકો રોજગારી અર્થે ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ જાય છે. બાણવિદ્યા કે માછલા પકડવામાં આ સમાજ પાવરધો છે. આ સમાજનો મુખ્ય ખોરાક મકાઇ અને અડદ છે. શાકભાજી ઘરઆંગણે ઉગાડેલા વાપરે છે. ડુંગળી તથા મરચાનો ઉપયોગ ખોરાકમાં સવિશેષ કરે છે. વારતહેવારે માસાંહાર કરવાની સાથે દેશી દારૂ-મહુડાનો દારૂ, તાડી જેવા માદક દ્રવ્યો પણ લે છે.

તેમની વસવાટ પધ્ધતિ પોતપોતાના ખેતર પર અલગ અલગ ઝુંપડાઓ બાંધી રહેવાની છે. હાલના સમયમાં ૧૦-૧૫ના જૂથમાં વસવા લાગ્યા છે, જે ફળિયા તરીકે ઓળખાય છે. આ રીતે અલગ અલગ વસવાટને કારણે ગામમાં ગીચ વસ્તી જેવું બહુ જોવા મળતુ નથી. દરેક ગામમાં મુખી કે સરપંચ હોય છે જેને સ્થાનિક ભાષામાં પટેલ કહેવાય છે. ગામલોકોને પ્રસંગોપાત ભેગા કરવા, તહેવાર ઉજવવા વગેરેમાં પટેલ મહત્વની ભૂમિકા ભજવે છે. આ સમાજના ઝુંપડાવાંસ, વળી અને કામઠાના બનાવેલા હોય છે. હાલમાં દેશી તથા વિલાયતી નળિયાનો ઉપયોગ વધ્યો છે. લગ્નની પસંદગી બે રીતે થાય છે. એકમાં મા-બાપ પોતે પસંદ કરી પરણાવે છે. બીજામાં છોકરા છોકરી જાતે પસંદ કરી લેતા હોય છે. વિધવાવિવાહ, પુનર્લગ્ન, નાતરૂ અને ઘરજમાઇ, મરણ પછી અગ્નિ સંસ્કાર વગેરે રિવાજ સમાજમાં પ્રચલિત છે. મરણ બાદ પાળિયા મુકવાનો કે ખેતરમાં અગ્નિસંસ્કાર કરી તે જગ્યાએ મંદિર બાંધવાનો રિવાજ છે.

મેલીવિદ્યા અને ભુતપ્રેતમાં તેઓ દ્રઢ રીતે માને છે. માંદગી વખતે પહેલો આશરો ભગતનો લે છે. તેનાથી ન મટે તો જ દવાદારૂનો ઉપયોગ કરે છે.દાહોદ જિલ્લાના આદિવાસી ગામડાઓમાં ગવાતા લોકગીતોમાં દેવીદેવતાઓનું માહત્મય ઝાઝુ હોતુ નથી ખાસ કરીન હોળીના તહેવારો પર ભરાતા મેળાઓમાં આદિવાસી સમાજની સ્ત્રીઓ હોળીમાતાના માનમાં લોકગીતો ગાતી જોવા મળે છે. બાર બાર મહિને આવ્યા માતા હોળી, માતા શું શું શણગાર લાવ્યા મારી માત પ્રચલિત લોકગીત છે. આદિવાસી સમાજમાં હોળીનો તહેવાર ખુબ લોકપ્રિય છે. આ ગીતમાં હોળી માતાને ધ્યાને રાખી તેમણે કરેલા કંકુ, ચુંદડી, કુંડળ, નથણી, હાંસડી, કડલા, ઝાંઝરી જેવા શણગારની વાત કરવામાં આવેલી છે. આ લોકગીતમાં આદિવાસી સમાજમાં પ્રચલિત આભુષણો નથણી, કડલા, હાંસડીનો પરિચય મળે છે.

### આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા વિશે પરિચય:

આદિવાસી સમાજમાં પિઠોરા ચિત્રકલા ખૂબ જ પ્રચલિત છે. ધાનપુર તાલુકાના સજોઇ, ઘોડાઝર, રાછવા, જેવા ગામોમાં પિઠોરા દેવની વિધિ કરવામાં આવે છે. સ્થાનિક લોકભાષામાં તેને 'પિઠોરો ચિતરાવવો' કહેવામાં આવે છે. આ આદિવાસીઓની સમગ્ર જીવન વ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક વિધિ છે. પિઠોરા દેવ આદિવાસી સમાજના મોટા દેવ છે જેને બાબા પિઠોરો પણ કહેવાય છે. કુંવારી છોકરીની તબિયત સારી ન રહેતી હોય, ખેતીવાડીમાં સારી બરકત ન આવતી હોય, પશુઓમાં સુખાકારી અને સમૃધ્ધિ ન હોય ત્યારે પિઠોરા દેવની માનતા રાખવામાં આવે છે. માનતા પૂરી થતાં ઘરની ભીંત પર અનુકૂળતાએ પિઠોરાની નકશી કરવામાં આવે છે. નકશી પાડવાનું કામ તેના ખાસ નિષ્ણાત આદિવાસી ચિતારા જ કરે છે.

ગામના ચોક્કસ વ્યક્તિના ઘરે જ પિઠોરા દેવનું સ્થાનક હોય છે. આ વ્યક્તિને ત્યાં જ ચોમાસાના સમયમાં આ વિધિ કરવામાં આવે છે. આ વિધિની એક વિશેષતા એ છે કે જે વ્યક્તિના ઘરે પિઠોરા દેવની વિધિ હોય તે વ્યક્તિ જ્યાં સુધી વિધિ પૂર્ણ ન થાય ત્યાં સુધી લીલી શાકભાજી, લીલું અનાજ કે નવું પાકેલું ધાન ખાઇ શકતા નથી. ઉજવણી દિવસ નક્કી થતાં પ્રથમ નકશી પાડવાનું કામ થાય. વાંસની નવી દિવાલ તૈયાર કરવામાં આવે જેની

પર કુંવારી છોકરીઓ સાત વખત છાણ માટીથી લીપે છે. દિવાલ લીંપાઇ જતાં સફેદ ચૂનાથી સાત વખત ધોળવામાં આવે છે.

નકશી માટેના રંગો ચિતારો વનસ્પતિમાંથી પોતે જ બનાવે છે. (હાલમાં તો બજારમાંથી રંગો ખરીદી લાવે છે) રંગોમાં ગુંદરનું મિશ્રણ કરી દાંતણની પીંછી બનાવી પીઠોરી ચીંતરે છે. મુખ્ય નકશીમાં નાના મોટા અંદાજે ચાલીસ પ્રકારના પ્રાણી, જીવજંતુ અને માનવની વિવિધ આકૃતિઓ દોરવામાં આવે છે. આ સિવાય આદિવાસી સમાજમાં બાબાદેવ, નારસિંગ દેવ, પિઠોરા દેવ, કોઠાદેવ, સાદરદો દેવ, સોડિયા દેવ, બામુણસોટા વિગેરે દેવી દેવતાઓની પૂજા કરવામાં આવે છે. પૂજા માટે ભાદરવા મહિનામાં મેલું નૈવેદ્ય અને હોળી પર કોરૂં નૈવેદ્ય દેવી દેવતાઓને ધરાવવામાં આવે છે.

## આદિવાસી સમાજમાં ઉજવાતા પરંપરાગત મેળા:

આદિવાસી સમાજમાં પરંપરાગત મેળાઓનું પણ ખૂબ જ આગવું મહત્વ છે. જે એમની સંસ્કૃતિની આગવી ઓળખ પણ છે. જેમાં અહીં અમુક મેળાઓ વિશે ટૂંકમાં માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.

### ડંડા રોપણીનો મેળોઃ

જેમાં હોળીના ૧૫ દિવસ અગાઉ હોળી પ્રાગટય માટે ગામના ચોકમાં સ્તંભ રોપાય છે. આ સમયે લોકો ત્યાં એકઠા થાય છે. અને તે ડાંડા રોપણીનો મેળો કહેવાય છે.

### આમલી અગિયારસનો મેળો:

જેમાં હોળી પહેલા ફાગણ સુદ અગિયારસને દિવસે આ મેળો ભરાય છે.

### ગલાલિયા હાટનો મેળોઃ

જેમાં ગરબાડા તાલુકામાં હોળી દહન પહેલા કે હોળીના દિવસે ગલાલિયા હાટનો મેળો ભરાય છે.

### ગોળ ગધેડાનો મેળોઃ

આ મેળો જુદી જુદી તિથિ અનુસાર જુદા જુદા ગામોમાં ભરાય છે.

### ચૂલનો મેળો:

ધૂળેટીના દિવસે દાહોદ જિલ્લાના ગામોમાં ચૂલનો મેળો યોજાય છે.

### ચાડિયાનો મેળોઃ

ફાગણવદ બીજના દિવસે ચાડિયાનો મેળો યોજાય છે.

### રંગપંચમીનો મેળોઃ

આ મેળો હોળી પછી પાંચમના દિવસે યોજાય છે.

**ઢોલનો મેળોઃ**

દાહોદના ભીલ સુધારણા મંડળ દ્વારા વર્ષ ૨૦૧૨ થી દાહોદમાં ઢોલ મેળાનું આયોજન થયા છે.

**ભણેલો આદિવાસી સમાજ અને સંસ્કૃતિ:**

આદિવાસી સમાજના લોકો અને વિદ્યાર્થીઓ સાથે કરેલ રૂબરૂ મુલાકાતમાં માહિતી પ્રાપ્તિ માટે જે પ્રશ્નો ઉપસ્થિત થયા એના પરથી એટલો ખ્યાલ આવ્યો કે પ્રકૃતિ સાથે રહીને એની પાસેથી સૂઝ સમજ મેળવનારી પ્રજા આધુનિક શિક્ષણ મેળવતી થઈ ત્યારબાદ સૂઝનું ક્ષેત્ર છોડી માહિતીના ક્ષેત્રમાં પ્રવેશતી જાય છે અને ધીમે ધીમે આધુનિકરણને લીધે આજની નવી પેઢી પોતાની સંસ્કૃતિથી વિમુખ થતી જાય છે. જે એક ચિંતાજનક બાબત કહી શકાય.

નવી પેઢીને પોતાના ગામદેવ કે તેમની વિધિઓ વિશે ઘણીવાર સામાન્ય માહિતી પણ ન હોય એવું જાણવા મળ્યું. આ સમાજે ગામડાને જંગલ છોડીને આદિવાસી વર્ગનાં બદલે શ્રમજીવી વર્ગની ઓળખ ઉભી કરી છે. કેટલાક જે શિક્ષિત થઈ સારી જગ્યા પર કામ કરતાં થયા તે પણ હવે આદિવાસી સંસ્કૃતિ સાથે અંતર રાખતા થયા છે. આદિવાસી સમાજમાં વ્યસનોનો પ્રભાવ વધતો જાય છે. ઘર, રહેણી કરણી, પોશાક, લોકગીતો, લોકકલાઓ, નૃત્યો બદલાયા છે. અત્યારે જળવાયેલી આ સંસ્કૃતિ આવનારા વર્ષોમાં નામશેષ બની જાય તેવી પૂરી શક્યતાઓ જણાઈ રહી છે.

સરકાર દ્વારા ચોક્કસ આદિવાસી સમાજ માટે સરાહનીય કાર્યો થઈ રહ્યા છે પરંતુ જેમ જેમ આ સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે અથવા તો વિકાસ થઈ રહ્યો છે તે જોતાં એવું લાગે છે કે આ નવી પેઢીને પોતાની પરંપરાગત સંસ્કૃતિ કે રીતિ રિવાજોમાં વધારે રસ નથી ઊલટું તેઓ આનાથી વિમુખ થતાં જાય છે અને વનમાં કે ગામડાઓમાં વસ્તી આ આદિવાસી પ્રજા પણ હવે શહેરીકરણના માર્ગે ચાલતી થવા લાગી છે. ભણેલો આદિવાસી સમાજ તેમની આ આગવી સંસ્કૃતિને સાચવવા માટે કોઈ ખાસ પ્રયત્નશીલ નથી એવું કહી શકાય.

**સમાપન:**

આદિવાસી  સમાજ પોતાની આગવી સંસ્કૃતિ માટે ખૂબ જાણીતો છે. તેઓની આગવી પરંપરા અને રીતિ રિવાજોને લીધે જ આ સમાજ ખૂબ અગત્યતા ધરાવે છે. પરંતુ તેમાં પણ હવે જે ભણેલો અથવા તો શિક્ષિત આદિવાસી સમાજ છે તેઓ તેમની આ સંસ્કૃતિથી વિમુખ થતો જાય છે. વિકાસ અને વિસ્થાપનની અનેક અસરો જોવા મળે છે જેવી કે સંસ્કૃતિ સાથે જોડાયેલ સામાજિક સંબંધો વેરવિખેર થઈ જાય છે. લાંબા સમયના સ્થાપિત સંબંધોમાં વિક્ષેપ ઊભો થાય છે સાથે-સાથે રોજગારીના પરંપરાગત સ્રોતો અને બજારની કડીઓ તૂટી જાય છે. બાળ-સંભાળ, ખાદ્ય સુરક્ષા અને આંતર-સામુદાયિક લેતી-દેતીના વ્યવહાર (Intra-Community Credit Transfers) પણ નાશ પામવા લાગ્યો છે. આદિવાસી જ્ઞાન-વિજ્ઞાન ભૂલી અન્ય સ્થળે નવી સંસ્કૃતિ અપનાવે છે પોતાની જ્ઞાન-મીમાંસા પ્રગટ કરવામાં પાછળ રહી જાય છે. નવા સ્થળે ધીમે ધીમે પોતાના સંસ્કૃતિ નાશ પામતી જાય છે. પુનર્વસનના નામે અન્ય સામાજિક માળખામાં દબાણપૂર્વકની વસાહત (Forced resettlement on social structure) બનાવવામાં આવે છે. આ આદિવાસીઓના પુનઃ સ્થાપન માટે સરકારી વસાહતો કેટલી યોગ્ય છે? કારણ કે આદિવાસીઓ સ્થાવર અને જંગમ મિલકતની સાથે-સાથે મૂલ્યવાન સંસ્કૃતિ પણ દૂર થઈ જાય છે. નવી જગ્યાએ આદિવાસી સામે નવા સામાજિક પ્રશ્નો ઉદ્દભવે છે. જેની અસર મહિલાઓ પર વધારે અસર પડે છે.

પરંપરાગત રૂઢિઓને બદલે અન્ય વ્યવસ્થાનું સમાજીકરણ કરવું પડે છે. ધીમે ધીમે આદિવાસી મહિલાઓમાં પણ મૂલ્યો અને સંસ્કૃતિ લુપ્ત થતી જાય છે.

**સંદર્ભ સૂચિ:**


1. Murickan, George, Emmanuel, Boban & Pillai. (2003). Development- Induced Displacement. Bangalore: Indian Social Institute.
2. લોબો & કુમાર. (2008). ગુજરાતનો વિકાસ: જમીન સંપાદન, વિસ્થાપન અને અસરગ્રસ્તો- એક વણથંભી કૂચ', . બરોડા : સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલપમેન્ટ.
3. વસાવા, ક. (2019). મધ્ય પ્રદેશનાં વિસ્થાપીતો આદિલોક ટીમની મુલાકાત. આદિલોક, 13-15.
4. https://aadivikas.com/uploaded/gddoc/20200819382347_gddoc.pdf
5. https://opinionmagazine.co.uk/visthaapan-ane-sanskritino